ચિરાગે હિદાયત
૨૪૧

# નફ્સનો હિસાબ

ઈસ્લામે સારા સમાજની તરફ ખૂબજ ભાર મૂકેલ છે. ઈસ્લામે પોતાના કાનૂનોમાં સારા સમાજ માટે પાયાની બાબતો તરફ તાકીદ કરી છે. આ તાકીદનો અસલ મકસદ આ છે કે ઈન્સાન આ બાબતે લાપરવાહ ન થાય. બલ્કે પોતાની જવાબદારીઓને મહેસૂસ કરે અને તે બાબતે વિચાર વિમર્શ કરે.

આ વાત વિચારવા લાયક છે કે નફસની ઈસ્લાહ પણ સારા સમાજ માટે પહેલું અને ખૂબજ જરૂરી કદમ છે. આ માટે ઈસ્લામે આ બાબત તરફ ખૂબજ ભાર મૂકેલ છે અને સમાજની ઈસ્લાહ કરતા વધારે નફસની ઈસ્લાહ ઉપર વધુ ભાર મૂકેલ છે. આનું કારણ આ છે કે નફસની ઈસ્લાહ વગર એક સમાજની ઈસ્લાહ અશક્ય છે.

નફસની ઈસ્લાહના ઘણાં બધાં રસ્તા બયાન કરવામાં આવ્યા છે. પરંતુ બહેતરીન રસ્તો મુહાસેબાએ નફસ એટલે કે નફસનો હિસાબ કરવો છે. જે બાબતે ઈસ્લામે ખુબજ તાકીદ કરી છે. ઈન્સાન પોતાના નફસનો હિસાબ કિતાબ કરવા માટે દિવસ અથવા રાતમાંથી કોઈ એક સમય

નક્કી કરે કે આજે કેટલા આમાલ અંજામ આપ્યા છે તથા પોતાની ફરમાબરદારી અને નાફરમાનીનો અલગ અલગ હિસાબ કરે અને તે દિવસે ખુદાની નાફરમાની કરી હોય તો પોતાના નફસની મલામત કરે અને અગર વાજિબાત અદા કરી હોય અને કોઈ ગુનાહ ન કર્યા હોય તો અલ્લાહ તઆલાનો શુક્ર અદા કરે તથા જો મુસ્તહબાત ઉપર પણ અમલ કર્યો હોય તો હજુ વધારે શુક્ર અદા કરે.

ઇન્સાન ભૂલચૂક અને ગલતીઓનું પુતળું છે. તેનાથી ગુનાહ થતા રહે છે. પરંતુ ગુનાહ કર્યા પછી ફક્ત તૌબા કરવી અને પરવરદિગારે આલમથી માફી તલબ કરવું પૂરતું નથી. જેવું કે જોવામાં આવે છે કે ઇન્સાન ગુનાહ કરે છે અને તૌબા પણ કરે છે પણ થોડા સમય પછી ફરી બીજા ગુનાહ કરે છે. જાહેર છે કે આવી સુરતમાં તૌબા કરવું પૂરતું નથી.

મૌલા અલી(અ.સ.)એ આવી તૌબા અને ઈસ્તેગ્ફારથી સખ્ત મઝમ્મત ફરમાવી છે. આપ(અ.સ.)ની સામે એક શખ્સે અસ્તગફેરૂલ્લાહ કહ્યું તો આપ(અ.સ.)એ ફરમાવ્યું "શું તું અસ્તગફેરૂલ્લાહનો મતલબ જાણે છે?" પછી આપ(અ.સ.)એ ફરમાવ્યું "આ ઈસ્તગફાર બુલંદ મરતબાવાળા લોકોનું મુકામ છે અને આ છ વાતો ઉપર આધાર રાખે છે. ઇન્સાન જ્યાં સુધી આ છ વાતોને પેદા

ન કરી લે ત્યાં સુધી ઈસ્તગફાર ન કરે. જેમાંથી એક આ છે કે તે હંમેશા માટે ગુનાહોથી દૂર રહેવાનો પાક્કો ઈરાદો કરી લે.''

બીજી એક રિવાયતમાં છે કે એક શખ્સે સવાલ કર્યો ''અય અમીરૂલ મોઅમેનીન(અ.સ.)! પોતાના નફસનો હિસાબ કેવી રીતે કરવો?'' આપ(અ.સ.)એ ફરમાવ્યું ''જ્યારે ઈન્સાન દિવસ વિતાવ્યા પછી રાતના અંધકારમાં કદમ રાખે તો તેના માટે જરૂરી છે કે તે પોતાના નફસની તરફ મુતવજ્જેહ થાય અને કહે કે અય નફસ! તારી માટે આ જે દિવસ હતો તે વીતી ગયો અને હવે તે પાછો આવવાનો નથી. અલ્લાહતઆલા તને આ દિવસ બાબતે સવાલ કરશે કે તેને કેવી રીતે ગુજાર્યો? આમાં કયા કયા આમાલ અંજામ આપ્યા? શું અલ્લાહતઆલાને યાદ કર્યા અને તેની તૌસીફો તારીફ કરી? શું આ દિવસે કોઈ મોઅમીન બંદાની જરૂરત પૂરી કરી? તેના ગમોને દૂર કર્યા? શું પોતાના દિની ભાઈની ગીબતથી પરહેઝ કરી? આ દિવસે તેણે શું કર્યુ? માટે દરેક તે ચીઝ કે જેને ઈન્સાન જાણે છે તે યાદ કરે. અગર તેને યાદ આવે કે તેણે કારે ખૈર અંજામ આપ્યું છે તો તેણે અલ્લાહ તઆલાનો શુક્ર અંજામ આપવો જોઈએ અને તે તૌફીક કે જે અલ્લાહ તઆલાએ એક નેક કામ અંજામ દેવાની બાબતે અતા કરી છે તેની તાઅઝીમ

કરે તેમજ જો તેને યાદ આવે કે તેનાથી કોઇ ગુનાહ થયો છે તો તેના માટે જરૂરી છે કે અલ્લાહ તઆલા પાસે મગફેરત તલબ કરે અને આવતા સમયમાં ગુનાહ ન કરવાનો પાક્કો ઈરાદો કરે.''

હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)એ જનાબે અબુઝરને જે તાકીદ કરી કે ''અય અબુઝર! ઈન્સાન તે દિવસ સુધી તકવાવાળો નથી થઇ શકતો કે જ્યાં સુધી તે પોતાના નફસનો હિસાબ ન કરે. માટે ઈન્સાને ખાવા-પીવા, પહેરવા અને બીજી બાબતો ઉપર વિચાર વિમર્શ કરે કે કયા રસ્તાથી હાંસિલ કર્યુ છે? તે હલાલ છે કે હરામ છે અને અય અબુઝર! જો કોઇ આ પરવાહ ન કરે કે માલો દૌલત અને બીજી કોઇ ચીઝને કયા રસ્તેથી હાંસિલ કરી છે તો અલ્લાહતઆલા પણ પરવાહ નહીં કરે કે તેને જહન્નમમાં કયા દરવાજેથી દાખલ કરે.''

પરવરદિગારે આલમ આપણને નફસનો હિસાબ કરવાની તૌફીક અતા ફરમાવે કે જેથી આપણી દુનિયા અને આખેરતમાં કામ્યાબ થઇ શકીએ તથા ઝમાનાના ઈમામ(અ.સ.) આપણાથી રાજી થાય.

પ્રકાશક : હાજીનાજી મેમોરિયલ ટ્રસ્ટ
વેબસાઇટ : www.hajinaji.com ઈમેલ : hajinajitrust@gmail.com